હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

સ્ટુડન્ટસ... આ ખોટો આન્સર છે... વૃક્ષોનો ઉપયોગમાં એ ન આવે કે... વિદેશથી મહેમાન આવે ત્યારે રંગબેરંગી લાઈટ કરવા માટે...!!

શહેરમાં વસતા ગઢવી ચારણ સમાજ જોગ

ગાંધીનગર શહેરમાં હાલમાં વસવાટ કરતા અને નોકરી-ધંધો કરતા ગઢવી ચારણ સમાજની એક ટેલીફોન ડિરેક્ટરીની સંવર્ધિત બનાવવાનું આયોજન છે. તો તેમાં નીચેની વિગત એ.કે.ગઢવી મો.નં. ૯૮૨૪૪૩૬૮૬૪ અથવા દિપકભાઈ વણસુર મો.નં.-૮૧૫૪૮૭૩૩૮૬ અને સાગરદાન ઝીબા મો.નં.-૭૯૯૦૯૩૧૨૭૭ ને વોટ્સએપ મેસેજથી અથવા ટેલીફોનથી નામ, શાખા, અટક, હાલનું સરનામું, વતન, મોબાઈલ નંબર સહિતની માહીતી પહોંચાડવા અનુરોધ અખિલ ગુજરાત ગઢવી-ચારણ સમાજ ટ્રસ્ટના એ.કે.ગઢવીએ જણાવ્યું છે.

જિલ્લાના ૨૪પથી વધુ ખેડૂતોને ૩૩ ટકા કરતાં વધુ નુકશાન થતાં સરકાર તેમને વળતર ચુકવશે

સરકાર દ્વારા કૃષિ વિભાગ દ્વારા કરાયેલ સર્વેલન્સને સ્વીકારી જરૂરી હૂકમો કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૩

ભારેથી અતિભારે વરસાદને પગલે જિલ્લામાં કૃષિક્ષેત્રે ૩૩ ટકાથી વધુ નુકશાન થયુ છે તેવા ખેડૂતોને વળતર ચુકવી આપવા માટે સરકારે લીલી ઝંડી આપી દીધી છે અને આ અંગેનું ચુકવણુ એકાદ સપ્તાહમાં કરી દેવાશે. જિલ્લામાં ૨૪પથી વધુ ખેડૂતોને ૩૩ ટકા કરાતાં વધુ નુકશાન થયાનો અહેવાલ રાજ્ય સરકારને પંચાયતના કૃષિ વિભાગે કર્યો હતો. તાજેતરમાં જ યોજાયેલ એક વિડીયો કોન્ફરન્સમાં જિલ્લાતંત્રને આ અંગે વળતર ચુકવણીના આદેશો કરવામાં આવ્યા છે.

જુલાઈ અને ઓગષ્ટ માસ દરમ્યાન થયેલ ભારે વરસાદ પછી જિલ્લાના કૃષિ વિભાગ દ્વારા ટીમો બનાવી અને ચારેય તાલુકામાં સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં ૨૪૫ કરતાં વધુ ખેડૂતોને અંદાજે ૨૦૦ હેક્ટર જમીનના પાકને નુકશાન થયાનું જણાયુ હતુ.

મળતી વિગતો પ્રમાણે રાજ્ય સરકારે ખેડૂતોના પાકને થયેલ નુકશાન અંગે જે વળતર આપવાનો નિર્ણય કરેલ છે તે મુજબ બિન પિયત વિસ્તાર માટે પ્રતિ હેક્ટર ૬૮૦૦ રૂ. અને પિયત વિસ્તાર માટે પ્રતિ હેક્ટર ૧૩,૫૦૦ રૂ.ની સહાય ચુકવવાનો નિર્ણય કરેલ છે. જેમાં વધુમાં વધુ બે હેક્ટરમાં જ થયેલ નુકશાનીના કેસમાં જ આ સહાય ચુકવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લાના ૪૪, કલોલના ૧૦૩, માણસામાં ૩૩ અને દહેગામના ૭૧ ખેડૂતોને ૩૩ ટકા કરતાં વધુ નુકશાન થયાનું આ સર્વેલન્સમાં જણાયુ હતુ. જિલ્લા પંચાયતની સામાન્યસભામાં પણ આ અંગેનો પ્રશ્ન ચમક્યો હતો અને તેમાં સરકારને વિગતવાર અહેવાલ મોકલી આપવામાં આવ્યો હોવાનું જણાવ્યુ હતુ. જે ઉલ્લેખનીય છે.

રાજ્ય સરકાર દ્વારા અહેવાલની સ્વીકૃતિ થઈ છે અને જિલ્લાના ખેડૂતોને અંદાજે રૂ. ૨૪ લાખનું ચુકવણુ કરવામાં આવશે. સરકારના કૃષિ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલ વિગતો પ્રમાણે આ અંગે નાણાંકીય ગ્રાન્ટની ફાળવણી અંગેની જાણકારી એકાદ દિવસમાં જ થઈ જતાં આ ચુકવણીના આદેશો તંત્ર દ્વારા જારી કરવામાં આવશે.

મળતા નિર્દેશો મુજબ ખેડૂતોને આ સહાયના નાણાં સીધા તેમના બેંકખાતામાં જ જમા થશે.

પ્રધાનમંત્રીનાં રૂટ પર રાષ્ટ્રધ્વજની માથે ભાજપનાં ધ્વજ ફરક્યા..!!

રાષ્ટ્રપ્રેમી યુવાને દેશનાં રાષ્ટ્રધ્વજનું અપમાન કરનાર સામે તાત્કાલીક કાનુની પગલા લેવા પોલીસને પત્ર લખ્યો : કોબા રોડ પર લગાવેલા ભાજપનાં ધ્વજ આખરે ઉતારી લેવાયા

ગાંધીનગર, તા.૧૩

જાપાનના પ્રધાનમંત્રી શિન્ઝો આબે અને ભારત દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીનગર-અમદાવાદની ૨ દિવસીય મુલાકાતે છે ત્યારે તેમની

અવર-જવરનાં રૂટ પરના સ્ટ્રીટ લાઈટનાં થાંભલાઓ ઉપર ભારત અને જાપાનના રાષ્ટ્રધ્વજ લટકાવવામાં આવ્યા છે. પરંતુ ભારત દેશનાં રાષ્ટ્ર ધ્વજ કરતા ભારતીય જનતા પાર્ટીનાં રાજકિય ધ્વજનું મહત્વ વધારે હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. એક જાગૃત રાષ્ટ્રપ્રેમી યુવાને દેશનાં રાષ્ટ્રધ્વજનું અપમાન કરનાર શખ્સો સામે તાત્કાલીક કાનુની પગલા લેવા પોલીસને પત્ર લખ્યો છે. આખરે ભાજપનાં ધ્વજ ઉતારી દેવામાં આવ્યા હતા.

ગાંધીનગરથી કોબા સર્કલનાં રૂટ પર કે જ્યાથી બે દેશનાં પ્રધાનમંત્રીઓ પસાર થવાનાં હતા તે રસ્તે ભાજપનાં પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે લાઈટના થાંભલા પર ભારત અને જાપાનના રાષ્ટ્રધ્વજ લગાવવામાં આવ્યા હતા. જ્યારે તે જ થાંભલાની સૌથી ઉપર બીજેપીનો ધ્વજ લગાવવામાં આવ્યો હતો. ગાંધીનગરનો એક જાગૃત રાષ્ટ્ર ભક્ત ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાનો યુવાન ચેતન ઠાકોર આ દ્રશ્ય જોઈ ગયો હતો અને તેને આ બાબતને ગંભીરતાથી લઈને ગાંધીનગર પોલીસને પત્ર લખી દેશનાં રાષ્ટ્રધ્વજનું અપમાન કરનાર સામે તાત્કાલીક કાનુની પગલા લેવા જણાવ્યુ છે. તો બીજી તરફ વિવાદ સર્જાતાની સાથે જ ભાજપનાં ઝંડાઓ ઉતારી લેવાની કાર્યવાહી થઈ જવા પામી હતી. હવે જો નિયમોની વાત કરીએ તો ફ્લેગ કોડ ઓફ ઈન્ડિયા ૨૦૦૨ના પાર્ટ -૨ કલમ ૨.૨ મુજબ એક પોલ પર એકથી વધારે ફ્લેગ લહેરાવી શકાય નહીં. ભારતના ફ્લેગની ઉપર બીજા કોઈ દેશ કે પાર્ટીનો ફ્લેગ લહેરાવી શકાય નહીં. હવે જોવાનું રહ્યુ કે, ભારતના રાષ્ટ્રધ્વજના જાહેરમાં થયેલા અપમાન બાદ યુવાને પોલીસને લખેલા પત્ર સંદર્ભે શું કાર્યવાહી થશે..!!

ભાગ્યેશ જહાની સાહિત્ય ક્ષેત્રે અને જયંતિ દવેની પત્રકારિત્વ ક્ષેત્રે હરીન્દ્ર દવે એવોર્ડ

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતી સાહિત્યમાં હરીન્દ્ર દવે એવોર્ડ માટે ગાંધીનગરના વતની ભાગ્યેશ જહાની તેમજ પત્રકારિત્વ ક્ષેત્રે જયંતિભાઈ દવેની પસંદગી કરવામાં આવી છે.

સાહિત્ય એ સ્મરણ અને સર્જકતાની ભૂમિ છે. આજે હરીન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટે સાહિત્યનો હરીન્દ્ર દવે સ્મૃતિ પારિષોષિક કવિ, નિબંધકાર અને વક્તા ભાગ્યેશ જહાને આપવાની જાહેરાત કરી છે.

ગીત અને અ છાંદસ : વિનાના શ્રી જહા લલિત ગદ્યમાં પણ અસરકારક પ્રદાન કરી રહ્યાં છે. જાનપદી કવિતાથી આધુનિક સંસ્કૃત કવિતાની રેંજ ધરાવતા ભાગ્યેશ જહાની ભગવદ્‌ગીતાના એક અસરકારક પ્રવક્તા તરીકે પણ ઓળખ ઉભી થયેલી છે.

ભાગ્યેશ જહાના વ્હાડ ઓગળતા રહ્યા અને મીરાની જેમ મને મળજો તેવા બે કાવ્ય સંગ્રહોએ સાહિત્યમાં તેમની કવિ તરીકેની ઓળખને વધુ નિખારી છે.

મોરારીબાપુના હસ્તે મુંબઈમાં એક સમારંભમાં આ એવોર્ડ તેમને એનાયત કરવામાં આવશે સાથે રૂ. ૫૧ હજારનું પારિતોષિક પણ અપાશે.

આ સાથે પત્રકારિતામાં શ્રેષ્ઠ પ્રદાન બદલ જન્મભૂમિ ગૃપના પૂર્વ બ્યુરોચીફ અને સારા રાજકીય વિશ્લેષક જયંતિભાઈ દવેની પસંદગી કરવામાં આવી છે.

જયંતિભાઈ દવે ગુજરાતી પત્રકારિત્વમાં આગવી ઓળખ ધરાવે છે. તેમણે સચિવાલય, વિધાનસભા ઉપરાંત રાજકીય વિશ્લેષક તરીકેની નોખી છાપ ધરાવે છે.

સેક્ટર-૫માં સાડા ત્રણ વર્ષનું બાળક સ્વાઈન ફલુમાં પટકાયુ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરમાં આજે એક સાડા ત્રણ વર્ષના નાના ભૂલકાંને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ સાથે શહેરમાં સ્વાઈન ફલુના દર્દીઓની સંખ્યા વધીને ૪૯ પર પહોંચી છે.

શહેરના સેકટર-૫માં રહેતા આ બાળકને એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે જયાં તેની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે. શહેરના હાલ ૩ દર્દી સારવાર હેઠળ છે.

તંત્ર દ્વારા સે-૫માં સર્વેલન્સની સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. અને કોઈ નવા શંકાસ્પદ કેસ મળી આવેલ નથી. દરમિયાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એક પણ કેસ સ્વાઈન ફલુનો નોંધાયો નથી.

પાણી લિકેજીસને લઈ મેલેરિયા તંત્ર હરકતમાં આવ્યુ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર નજીક સરગાસણ ગામની સીમમાં આવેલ પમ્પીંગ સ્ટેશન પાસેની એક લાઈનમાં લિકેજીસ જણાતાં ત્યાં થતા પાણીના તળાવડાઓને લઈ શહેરી મેલેરિયા તંત્ર હરકતમાં આવ્યું છે અને આ માટેના જવાબદારો સામે નોટીસ ફટકારવાની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો પ્રમાણે સરગાસણ નજીક આવેલ પમ્પીંગ સ્ટેશન પાસેની એક પાઈપલાઈન લિકેજીસ ધરાવતી હોવાની તેમજ તેના કારણે અહિ તળાવડા થતાં હોઈ એડીસ મચ્છરોની ઉત્પત્તિ અંગે શકયતાઓને ધ્યાને લઈ આજે શહેરી મેલેરિયા તંત્ર હરકતમાં આવ્યું છે.

શહેરી મેલેરિયા તંત્ર એ આ અંગે જવાબદાર પાટનગર યોજનાના તંત્રને નોટીસ ફટકારવાની કામગીરી પણ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

ધોળાકુવાનો 'ગબ્બર' દર્શનાર્થીઓને દિગ્મૂઢ કરશે

ગાંધીનગર, તા.૧૩

જગત જનની મા જગદંબાની આરાધનાના પર્વ નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. નવરાત્રિ ગરબા સાથે આદ્યશકિતની

આરાધનાનું પર્વ છે. આ પર્વમાં દરેક શ્રધ્ધાળુ પોતાની રીતે શકિત સ્વરૂપ જગદંબાની ભકિત કરે છે જેમાં કોઈ ઉપવાસ કરે છે તો કોઈ સ્તુતિ ગાન કરે છે, કોઈ મંત્રોચ્ચાર-હોમહવન કરે છે તો કોઈ ભકિતભાવે ગરબે ઘુમે છે. આરતી ઉતારે છે. નવરાત્રિમાં નાના બાળકો પણ 'ગબ્બર' બનાવી પૂજા-અર્ચના શીખવા સાથે તેમની રીતે ભકિત કરે છે. ગાંધીનગરના ધોળાકુવા ગામે ગામના યુવાનો દ્વારા સતત ચાર માસની મહેનતથી તૈયાર કરાતો ગબ્બર તેની કારીગરી, થર્મોકોલના નકશીકામ તથા વાસ્તવિક દૃશ્ય સમા ખડા કરાતા બેનમૂન પ્રતિકાત્મક સ્ટ્રકચરને કારણે ખૂબ જ નયનરમ્ય બનેછે જેને નિહાળવા અસંખ્ય મુલાકાતીઓ આવે છે.

ધોળાકુવા ગામના જય બળિયાદેવ યુવક મંડળના આશરે ૨૦ જેટલા યુવાનો દ્વારા પ્રતિ વર્ષ અદભૂત ગબ્બર તૈયાર કરવામાં આવે છે. કોઈ પૌરાણિક માન્યતાને કારણે ધોળાકુવા ગામમાં નવરાત્રિમાં ગરબાનું આયોજન કરવામાં આવતું નથી. આ કારણે યુવાનો નવરાત્રિની ઉજવણી અનોખી સર્જનાત્મકતા સાથે કરે છે અને દર વર્ષે અદભૂત કલાકૃતિ સમો ગબ્બર તૈયાર કરી આદ્યશકિતની આરાધના કર્યાનો સંતોષ મેળવે છે. આ ગબ્બર તૈયાર કરવા માટે દરેક યુવાનો સતત ચાર માસ સુધી દરરોજ રાત્રે ૪ થી ૫ કલાક કામ કરે છે અને વિવિધ મોડેલ્સ તૈયાર કરે છે. આ ગબ્બરમાં પર્વત, મંદિરો, કિલ્લા, રોડ, રસ્તા, સર્કલો, સ્ટ્રીટલાઈટ, વાહનો, પાણીનો ધોધ, યજ્ઞશાળા, સ્કૂલ, દવાખાનું, દરવાજા, ઝુંપડીઓ, પેટ્રોલ પંપ, વીજ ડીપી, ડુંગરા, જંગલો, વન્ય પ્રાણીઓ વગેરે જેવી અઢળક પ્રતિકૃતિઓ દ્વારા જાણે એક વાસ્તવિક દૃશ્ય તૈયાર કરે છે. વળી, આ દૃશ્યમાં ઋષિમુનિઓ, ગ્રામજનો, બાળકો વગેરેની પણ આબેહૂબ પ્રતિકૃતિઓ બનાવાય છે.

ગબ્બર બનાવવામાં યુવાનો થર્મોકોલ, સ્ટ્રો પાઈપ, એલઈડી લાઈટસ, નાનીમોટર્સ, રમકડાં, કાપડ, વાંસ અને જવના પૂળાની સળીઓ, માટી, રેતી, પથ્થર વગેરેના ઉપયોગ સાથે સુંદર રંગ કામ કરવામાં આવે છે. દર વર્ષે અહીં નવો જ ગબ્બર બનાવાય છે જેને નિહાળવા દૂર દૂરથી મુલાકાતીઓ આવે છે. ગામના અગ્રણીઓ દ્વારા યુવાનોને જરુરી પ્રોત્સાહન તથા આર્થિક સહયોગ પુરો પાડી આ કાર્ય માટે પ્રેરિત કરવામાં આવે છે.

વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસની કોલેજોમાં ઉજવણી

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર પોલીસ તથા ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટીનાં સંયુક્ત ઉપક્રમે "વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ" ની ઉજવણીનાં ભાગરુપે આત્મહત્યા અટકાવવા અને માનસિક તાણ અન્વયે યુવા વિધ્યાર્થીઓમાં જાગૃતતા લાવવા ગાંધીનગરની વિવિધ કોલેજોમાં અવેરનેસ કાર્યક્રમ કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર નજીકની પી.ડી.પી.યુ, જી.એન.એલ.યુ, નિફ્ટ તમજ કર્ણાવતિ ડેન્ટલ કોલેજ ખાતે અવેરનેસ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જીવન આસ્થાની ટીમ સાથે લાયઝન ઓફીસર તથા પી.આઈ પ્રવિણ વલેરા, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સીટીનાં વિધ્યાર્થીઓ તથા પ્રોફેસર પ્રિયંકા કક્ક?ડે હાજર રહી વિધ્યાર્થીઓને આત્મહત્યા નહી કરવા તથા સ્ટ્રેસ મેનેજમેન્ટ માટે ઉપયોગી માહિતી આપી હતી. તે ઉપરાંત જીવનઆસ્થા હેલ્પલાઈનની કામગીરી અંગે માહીતી આપવામાં આવી હતી. રેડીયો સીટીનાં આર.જે હર્ષિલ પણ નિફ્ટ ખાતે હાજર રહી વિધ્યાર્થીઓને રમુજ સાથે જીવનનાં મહત્વ અંગે વકતવ્ય આપી માનસિક સમસ્યા માટે જીવનઆસ્થા હેલ્પલાઈનનાં ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૩૩૦ નો ઉપયોગ કરવા જણાવ્યુ હતુ.

બિન સચિવાલય કારકુનની ખાલી પડેલ જગ્યાઓ

વેઈટીંગ લીસ્ટથી ભરવા ઉમેદવારોએ ગૌણસેવાના અધ્યક્ષને રજુઆત કરી

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં સચિવાલય અને બિન સચિવાલય કારકુનની ૪૬૮૨ જગ્યાઓની ભરતી માટે પરિક્ષા લેવામાં આવી હતી. આ પરિક્ષામાં ઉર્તીણ થયેલા ઉમેદવારોને નોકરી મળી હતી. પરંતુ અન્ય કારણોસર કેટલાક ઉમેદવારોએ નોકરી છોડી દીધી છે. જયારે કેટલાક ઉમેદવારો હજુ પણ હાજર થયા નથી. તેવા સંજોગોમાં સરકારના નિર્ણય અનુસાર કોઈપણ પસંદગી પામેલ ઉમેદવાર નોકરી છોડી દે તો ખાલી પડેલ જગ્યાઓને ૨૦ ટકા વેઈટીંગ લીસ્ટથી ભરવા માટે ઉમેદવારોએ ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળના અધ્યક્ષને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરી હતી.

આજની યુવા પેઢી સરકારી નોકરી મેળવવા માટે નવયુવાનો પ્રાઈવેટ નોકરી છોડી દઈને ૨ થી ૩ વર્ષ મહેનત કરે છે. મહેનત કરીને પાસ થયેલા ઉમેદવારો સામાન્ય પોઈન્ટ માટે રહી જાય છે અને વેઈટીંગ લીસ્ટમાં આવી જાય છે. જેથી નોકરીથી વંચિત રહી જાય છે તેમજ એક નોકરીની આશા સાથે નોકરીની રાહ જોતા હોય છે. અગાઉ અનેક ભરતી પ્રક્રિયામાં વેઈટીંગ લીસ્ટમાંથી ખાલી પડેલ જગ્યાઓ ભરવામાં આવેલ છે. ત્યારે આગામી વિધાનસભાની ચુંટણી જાહેર થાય તે પહેલા ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલ પરિક્ષાની ભરતી માટે જાહેર થયેલ વેઈટીંગ લીસ્ટ ઓપરેટ કરવા તેમજ ખાલી પડેલી જગ્યાઓ તાત્કાલીક ધોરણે ભરવા માટે ઉમેદવારોએ ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળના અધ્યક્ષને આવેદન પત્ર આપી ઉગ્ર રજુઆત કરી છે.

કોંગ્રેસ દ્વારા આજથી રજીસ્ટ્રેશન

ગાંધીનગર, તા.૧૩

કોંગ્રેસ પક્ષ દ્વારા યુવા મતદારોને ધ્યાનમાં રાખીને શિક્ષિત બેરોજગારોને સરકારી-અર્ધસરકારી અને ખાનગી ક્ષેત્રમાં નોકરી-રોજગારી આપવાનું વચન આપ્યું છે. જયાં સુધી આ શિક્ષિત બેરોજગારોને નોકરી ન મળે ત્યાં સુધી ધોરણ-૧૨ પાસને રૂ. ૩૦૦૦ અને ગ્રેજયુએશનની ડીગ્રી ધરાવનારને રૂ. ૩૫૦૦ બેરોજગારી ભથ્થું આપવા, યુવાનોને ટેકનોલોજીથી સજ્જ કરવા માટે સ્માર્ટ ફોન આપવા અને લઘુ સ્વરોજગારો માટે ઓછા વ્યાજની લોન આપવાની જાહેરાત કરી છે. રોજગારી આપતા વચનને પૂર્ણ કરવા ૧૪મી સપ્ટેમ્બરથી મહાનગરોમાં પાંચ દિવસ સુધી ઓનલાઈન તથા ઓફલાઈન રજીસ્ટ્રેશનનો પ્રારંભ કરશે, જેના અનુસંધાનમાં ગાંધીનગર શહેરમાં તા. ૧૫-૯-૨૦૧૭ને શુક્રવારના રોજ સેકટર-૬, અપના બજાર સામે, સત્યાગ્રહ છાવણી પાસે રજીસ્ટ્રેશન કરાવવામાં આવશે તો બેરોજગાર યુવાનોએ રજીસ્ટ્રેશન માટેનું ફોર્મ ભરી પોતાનું રજીસ્ટ્રેશન કરાવવા વિનંતી, આ સમયે કોંગ્રેસના આગેવાનો, કાર્યકરોએ ખાસ ઉપસ્થિત રહેવા ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહે જણાવેલ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગુજરાત જળા સંપત્તિ વિકાસ નિગમ લી., ગાંધીનગર
ટુંકી મુદતની જાહેર નિવિદા
કાર્યપાલક ઈજનેરશ્રી (સી) યુનીટ-૨, (સુજલામ સુફલામ) બીજે માળે, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેક્ટર નં.૮, ગાંધીનગર
Phone & Fax : 079-23236712
Emial : eessunit2@gmail.com
જાહેરાત ક્રમાંક : ૦૪/૨૦૧૭-૨૦૧૮
કાર્યપાલક ઈજનેરશ્રી (સી) યુનીટ-૨, (સુજલામ સુફલામ) બીજે માળે, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેક્ટર નં.૮, ગાંધીનગર, દ્વારા નીચે જણાવેલ કામ માટે ફોર્મ બી-૧ માં ભાવપત્રકો માંગવામાં આવે છે.

અ.નં.	વિગત	કામની વિગત
૧.	કામનું નામ	કોન્સેપ્ટ્યુલાઈઝીંગ, એક્ઝીબીશન, એન્ડ સુપરવીઝન ઓન થીમ પેવેલીયન એન્ડ એક્ઝીબીશન ઓફ વૉટર રીસોર્સ ડીપાર્ટમેન્ટ ડ્યુરીંગ ઈન્ડીયા વૉટર વીક-૨૦૧૭ એટ વિજ્ઞાન ભવન, ન્યુ દિલ્હી, ફ્રોમ ૧૦/૧૦/૨૦૧૭ ટુ ૧૪/૧૦/૨૦૧૭
૨.	અંદાજીત રકમ	રૂ. ૪,૯૪,૯૦૦/-
૩.	ટેન્ડર	બી-૧
૪.	ટેન્ડર ફી	રૂપિયા ૬૦૦/-
૫.	કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ	તારીખ : ૧૯/૯/૨૦૧૭, ૧૭.૦૦ કલાક સુધી
૬.	ટેન્ડર ભરી પરત કરવાની તારીખ	તારીખ : ૨૮/૯/૨૦૧૭, ૧૭.૦૦ કલાક સુધી
૭.	ટેન્ડર ખોલવાની તારીખ	તારીખ : ૨૯/૯/૨૦૧૭, ૧૨.૦૦ કલાક
૮.	બાનાની રકમની મુદત	૧૮૦ દિવસ ('EMD exemption certificate' સ્વીકારવામાં આવશે નહિ)
૯.	વેબસાઈટની વિગત	વધુ વિગતો નિગમ/સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in અથવા www.statetenders.com મારફતે જોઈ શકાશે.

માહિતી/૧૬૨૮/૧૭-૧૮